©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 30th JUNE, 2025/JYAISTHA 09, 1947 [No. 3472

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ અને

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

નિયમ ૨૬ (૯)

નગર રચના યોજના નં. ૩બી (પાંચી, સંગાસર, સાંઢીડા)

પ્રારંભિક યોજના

નં. નરયો/નં. ૩બી/પ્રા. યો એવોર્ડ અધિસુચના/પ્રસિદ્ધી/૩૯/૨૦૨૫.-ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ મુજબ, મેં આજરોજ તા. ૨૬-૦૬-૨૦૨૫ ને ગુરુવારના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના એપેક્ષ ઓથોરીટી, જી.આઈ.ડી.બી.માં મંજૂરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ(૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-ઠ ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તાજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૬-૦૬-૨૦૨૫
સ્થળ : ધોલેરા

સહિ/- આવાચ્ય
નગર રચના અધિકારી
નગર રચના યોજના નં.-૩
ધોલેરા એસ.આઈ.આર.

સરનામુ :
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
એ.બી.સી.ડી. બિલ્ડીંગ, બી-બ્લોક,
પ્રથમ માળ, ધોલેરા-ધંધુકા રોડ,
તા. ધોલેરા, જિ. અમદાવાદ-૩૮૨૪૫૫.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.02 18:01:04 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot